**નવી બાબત ૨૦૧૮-૧૯**

વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના નિગમોની સીધા ધીરાણની યોજના અંતર્ગત રૂ.૨૫૦૦ લાખની ફાળવણી કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૮/૬૯૧૦૧/ન.બા.૬૬/અ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૦૫/૨૦૧૮

11 MAY 2018

**વંચાણમાં લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૧/૦૪/૨૦૧૮નો ઠરાવ.

**આમુખઃ-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતિ અને વિમુક્ત જાતિ અને લઘુમતિ વર્ગના ઉદ્યોગ સાહસિકોને રાજ્ય સરકારના ફંડ દ્વારા સીધા ધિરાણ યોજના અંતર્ગત નાના ઉદ્યોગ ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવા અંગે વંચાણે લીધેલા આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૧/૦૪/૨૦૧૮ના ઠરાવથી (૧) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ (૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ (૩) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ (૪) ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ અને (૫) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ ને કુલ રૂ.૨૫૦૦ લાખ (અંકે રૂપિયા બે હજાર પાંચસો લાખ) સીધા ધિરાણની યોજનાને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના પાંચ નિગમોને રૂ.૨૫૦૦ લાખની રકમની વહેંચણી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના પાંચ નિગમોને નીચેના પત્રકમાં જણાવ્યા મુજબ રૂ.૨૫૦૦ (અંકે રૂપિયા બે હજાર પાંચસો લાખ) લાખની ફાળવણી કરવામાં આવે છે.

| ક્રમ | નિગમનું નામ | ફાળવણીની રકમ (રૂ.લાખમાં ) |
|---|---|---|
| ૦૧ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | રૂ. ૭૦૦.૦૦ |
| ૦૨ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | રૂ. ૫૦૦.૦૦ |
| ૦૩ | ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | રૂ. ૪૦૦.૦૦ |
| ૦૪ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | રૂ. ૪૦૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૦૫ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ | રૂ. ૫૦૦.૦૦ |
| | કુલ | રૂ. ૨૫૦૦.૦૦ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૯/૦૫/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. એમ. ઘાંચી )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાનાઃ-**

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ડો.જીવરાજ મહેતા ભવન.ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી અ-શાખા ગ-શાખા તથા બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.)
- સિલેકટ ફાઇલ-૨૦૧૮